

જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે, જ્ઞાન જ્યાં સમ્યક્‌પણે પરિણમે છે, ત્યાં મોહ સમૂળ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.

*—કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૪ સં. ૨૦૬૦ [૭૨૮] * **આત્મધર્મ** * [અંક-૧૨ વર્ષ-૬૦] વીર સં. ૨૫૩૦ જૂન-૨૦૦૪

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ મનકો રંજાયમાન કરનેવાલા જો ગારવ યા અહંકારભાવ હૈ યા ઘમંડ હૈ વહ સબ મનકો રંજાયમાન કરનેવાલે આત્મજ્ઞાનકે પ્રતાપસે દૂર હો જાતા હૈ યહી આત્મજ્ઞાન કર્મોકા ક્ષય કરનેવાલા વીતરાગ વિજ્ઞાનકી રમણતારૂપ હૈ. ૮૨૩. *(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૧૪૯)*

❀ જીવ સ્વયં પવિત્ર રત્નત્રયના આરાધનમાં પ્રવૃત્ત થાય છે, (ઠીક છે) સ્વભાવે નિર્મલ શંખ કોના દ્વારા શુકલપણામાં પરિવર્તિત કરાય છે ? કોઈના ય દ્વારા નહિ, સ્વભાવથી જ શુક્લપણે પરિવર્તિત થાય છે. ૮૨૪.

*(શ્રી યોગસાર પ્રાભૃત, અમિતગતિ આચાર્ય, સંવર અધિકાર, ગાથા-૩૭)*

❀ સૌથી પહેલાં અધ્યાત્મશાસ્ત્રોનું શ્રવણ-મનન કરવું; એના સિવાયના પ્રયોજન વગરના અન્ય શાસ્ત્રોનું શ્રવણ-મનન કરનાર જીવ મનપસંદ સુખને કઈ રીતે પામશે ? ૮૨૫. *(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૨૬)*

❀ ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ–એ બંનેનો, અંતરંગમાં દારૂણ વિદારણ વડે (અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે), ચોતરફથી વિભાગ કરીને (-સમસ્ત પ્રકારે બન્નેને જુદાં કરીને), આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે; માટે હવે એક શુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં સ્થિત અને બીજાથી એટલે રાગથી રહિત એવા હે સત્પુરુષો ! તમે મુદિત થાઓ. ૮૨૬. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૨૬)*

❀ હે જીવ ! તેં મોહને વશ થઈને, જે દુ:ખ છે તેને સુખ માની લીધું અને જે સુખ છે તેને દુ:ખ માની લીધું; તેથી તું મોક્ષ પામ્યો નહિ. ૮૨૭.

*(મુનિવરશ્રી રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૦)*

❀ જેવી રીતે મૂર્છિત મનુષ્ય સ્વાભાવિક ચેતના પામીને (હોંશમાં આવીને) પોતાની ભૂલાયેલી વસ્તુની શોધ કરવા માંડે છે તેવી જ રીતે જે ભવ્ય પ્રાણી પોતાના સ્વાભાવિક ચૈતન્યનો આશ્રય લે છે તે ક્રમે કરીને એકત્વ પામી પોતાના સ્વાભાવિક ઉત્કૃષ્ટ પદ (મોક્ષ) ને નિશ્ચિતપણે જ પ્રાપ્ત કરી લે છે. ૮૨૮. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, સદ્‌બોધ ચંદ્રોદય, શ્લોક-૧૫)*

કહાન
સંવત-૨૪
વર્ષ-૬૦
અંક-૧૨
[૭૨૮]




વીર
સંવત
૨૫૩૦
સં. ૨૦૬૦
JUNE
A.D. 2004

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# મારો પ્રભુ મારા અંદરમાં જ વસે છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૦૦)

આ, શ્રી નાટકસમયસાર શાસ્ત્ર છે. તેમાં બંધ દ્વારનું ૪૮મુ પદ્ય ચાલે છે કે આત્મસ્વરૂપની ઓળખાણ જ્ઞાનથી થાય છે.

केई उदास रहैं प्रभु कारन,
केई कहैं उठि जांहि कहीं कै ।
केई प्रनाम करैं गढि मूरति,
केई पहार चढ़ै चढि छींकै ॥
केई कहैं असमानके ऊपरि,
केई कहैं प्रभु हेठि जमींकै ।
मेरो धनी नहि दूर दिसन्तर,
मोहीमें है मोहि सूझत नीकै ॥४८॥

અર્થઃ—આત્માને જાણવા માટે અર્થાત્ ઈશ્વરની ખોજ કરવા માટે કોઈ તો ત્યાગી બની ગયા છે, કોઈ બીજાં ક્ષેત્રમાં યાત્રા આદિ માટે જાય છે, કોઈ પ્રતિમા બનાવીને નમસ્કાર પૂજન કરે છે, કોઈ ડોળીમાં બેસીને પર્વત પર ચડે છે, કોઈ કહે છે કે ઈશ્વર આકાશમાં છે અને કોઈ કહે છે કે પાતાળમાં છે પરંતુ આપણા પ્રભુ દૂર દેશમાં નથી, આપણામાં જ છે તે આપણને સારી રીતે અનુભવમાં આવે છે.

અહીં તો રાગનો સંગ છોડીને સ્વભાવનો સંગ કરવાની વાત છે ! આત્મા શું

ચીજ છે તેના જ્ઞાન વિના સ્ત્રી, પુત્રાદિ છોડીને ત્યાગી થઈ જાય, ઉદાસ રહે, બાવા થઈને જંગલમાં રહે તેથી કાંઈ આત્મપ્રાપ્તિ થઈ જતી નથી. જ્ઞાન વિના આત્મપ્રાપ્તિ થતી નથી.

ભગવાન સર્વજ્ઞદેવે આત્માનું સ્વરૂપ જેવું સચ્ચિદાનંદસ્વરૂપ કહ્યું છે તેવો ઓળખીને તેની શ્રદ્ધા કરે અને તેમાં રમણતા કરે તો આત્મા પ્રાપ્ત થાય. માટે, પ્રથમ આત્માનું જ્ઞાન તો કરે ! તેને જ્ઞાનને સુધારવાનું લક્ષ નથી અને બાહ્યથી ક્રિયા કરીને આત્મા જોઈએ છે તો કેમ મળે ! જ્ઞાનનું પરિણમન જે રાગની એકતામાં છે અને પર તરફના વલણમાં છે તે જ્ઞાન બગડેલું છે તેને પર અને રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે જોવું, અનુભવવું—એ જ્ઞાનથી આત્માની પ્રાપ્તિ થાય છે.

કોઈ આત્માની પ્રાપ્તિ માટે સમ્મેદશિખર આદિ સિદ્ધક્ષેત્રની યાત્રા કરવા જાય છે પણ ત્યાં તારો આત્મા ક્યાં છે કે ત્યાંથી આત્મા પ્રાપ્ત થાય ? યાત્રા કરવાનો શુભભાવ થાય એ જુદી વાત છે પણ યાત્રા કરવાથી ધર્મ થાય કે જન્મ-મરણ મટે એ વાત શક્ય નથી. યોગસારમાં તો યોગીન્દુદેવ કહે છે કે તનમંદિરમાં જ દેવ બિરાજે છે, મંદિર અને મૂર્તિમાં દેવ નથી.

અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલાં આત્માને ઓળખે, અનુભવ કરે તો આત્માની પ્રાપ્તિ થાય તેને ધર્મ થયો કહેવાય. પોતાના ગુણની દશા સુધારવી એ જ ધર્મની ક્રિયા છે. શરીરની ક્રિયા તો જડની છે તેનાથી ધર્મ થતો નથી. સિદ્ધગિરિ આત્મા પોતે જ છે.

कोई पहार चढ़े चढि छींके। કોઈ ધર્મપ્રાપ્તિ માટે યાત્રા કરવા જાય છે. ડોળીમાં બેસીને પહાડ ચડે છે. પહેલાં તો લોકો ગાડામાં બેસીને યાત્રા કરવા નીકળતાં. બે-ચાર મહિને પાછા આવે ત્યારે ગામના લોકો સામૈયુ કરતાં. એવો શુભભાવ ભલે આવે પણ તેનાથી ધર્મ ન થાય. અહીં તો કહે છે કે લાખ વાર શિખરજી જઈ આવ તોપણ તેનાથી ધર્મ નહિ થાય. રાગની સમીપતા છોડીને સ્વભાવની સમીપ જાય તો ધર્મ થાય.

કેટલાકને એમ થાય છે કે આ મહારાજ સ્થાનકવાસીમાંથી આવ્યા છે ત્યાં મૂર્તિને માનતા ન હતાં તેથી અહીં પણ એ જ વાત કરે છે કે મૂર્તિને માનવાથી ધર્મ ન થાય... ભાઈ ! મૂર્તિને માનવી એ શુભભાવ છે. એવો ભાવ હોય છે પણ તેનાથી ધર્મ નથી. મૂર્તિને બિલકૂલ ન માનવી એ તો દૃષ્ટિ જ ખોટી છે પણ મૂર્તિની પૂજાથી ધર્મ થાય એમ માનવું તે પણ મિથ્યા દૃષ્ટિ છે.

અન્યમતિ એમ માને કે કાશીમાં કરવત મૂકાવે તે વૈકુંઠમાં જાય તેમ આ એમ કહે છે કે સિદ્ધગિરિમાં મરણ થાય તેની મુક્તિ થાય. અરે! સિદ્ધગિરિમાં તો ઘણાંય કાગડાં, કૂતરા, કીડી મરે છે તો શું તેનો મોક્ષ થાય?

શ્રોતા :—એ ક્યાં યાત્રા કરવા આવ્યા હતાં! યાત્રા કરવા જાય ને મરે તેનો મોક્ષ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ! યાત્રા કરવા આવ્યા હોય તે પણ શુભભાવ છે તે ભાવ લઈને મરે તો સ્વર્ગમાં જાય પણ મોક્ષ ક્યાંથી થાય!

જ્ઞાનાનંદ-ચિદાનંદ ભગવાન આત્મા ઉપર આરૂઢ થાય તેણે ખરી યાત્રા કરી છે. કોઈ મંદિર બનાવીને મૂર્તિ પધરાવે અને શિવપદ માગે તેથી કાંઈ શિવપદ મળી ન જાય. ભગવાનની મૂર્તિ કે સાક્ષાત્ ભગવાનની ભક્તિના શુભભાવ આવે.. પણ તે પરદ્રવ્ય અનુસારી ભાવ છે તેથી રાગ જ છે. પરદ્રવ્ય અનુસારી વૃત્તિ રાગની જ થાય, ધર્મની ન થાય. સ્વચૈતન્યદ્રવ્યના અનુસારે પરિણમન થાય તે જ ધર્મ છે તેનાથી શિવપદ પ્રાપ્ત થાય. આ વાત ખ્યાલમાં લઈને પહેલાં તેની શ્રદ્ધા તો કરે! એ વ્યવહારશ્રદ્ધા સાચી છે.

'પરદ્રવ્યને અનુસરવાથી મને ધર્મ થાય છે' એ મિથ્યાત્વનું મોટું લાકડું છે. બહારમાં ભગવાનને ભેટવા જાય છે પણ તારો ભગવાન તો અંદરમાં બેઠો છે તેને તો ઓળખ! જ્ઞાનાનંદમૂર્તિ, અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા પોતે છે તેની શ્રદ્ધા કરે, જ્ઞાન કરે, તેમાં ઠરે એ ધર્મ છે પણ એ 'કરવું' તો એને સૂઝતું નથી... ભાસતું નથી. સમ્મેદશિખર, ગિરનાર, પાવાપુરી, ચંપાપુરી વગેરેની યાત્રા કરી આવીએ તો કાંઈક 'કર્યું' એમ લાગે છે. અમે પણ આ બધાં તીર્થોની યાત્રા કરી આવ્યા છીએ. એવો ભક્તિનો શુભભાવ આવે છે. અશુભથી બચવા માટે એવો શુભભાવ હોય છે તો હો પણ તેનાથી ધર્મ થઈ જાય કે એ કરતાં કરતાં કલ્યાણ થઈ જશે એમ નથી. સમકિતીને કે અજ્ઞાનીને એવા ભાવ આવે પણ તેણે સમજવું જોઈએ કે તેનાથી પુણ્ય છે, ધર્મ નથી.

એક પંથે મૂર્તિ, મંદિર ઉથાપ્યું અને એક પંથે એમાં જ ધર્મ છે એમ સ્થાપના કરી. આમાં સામાન્ય માણસને ખેંચાતાણ થાય કે સાચું શું? પણ ખરેખર બંનેની વાત ખોટી છે.

અંતર ચૈતન્યસ્વરૂપ જ્ઞાન ને આનંદનો સાગર છે તેનું જ્ઞાન કરે એટલે કે જ્ઞાનનું

જ્ઞાન કરે–આત્માનું જ્ઞાન કરે, આત્માની શ્રદ્ધા કરે અને આત્મામાં ઠરે તે ધર્મ છે. તેની સાથે ભગવાનની શ્રદ્ધા-ભક્તિનો ભાવ આવે, વ્રત-તપાદિનો ભાવ પણ આવે. પણ તે શુભભાવ છે, પરદ્રવ્ય તરફની લાગણી છે, પુણ્યબંધનું કારણ છે પણ ધર્મ નથી.

કોઈ કહે કે ભગવાન આસમાનની ઉપર છે તો કુરાનવાળા મુસલમાનો એમ કહે કે ભગવાન જમીનની નીચે છે પણ અહીં કહે છે मेरो धनी नहि दूर दिसन्तर। મારો ધણી–મારો પ્રભુ મારાથી દૂર નથી, દિસન્તર એટલે શિખરજી આદિ ક્ષેત્રોમાં મારો પ્રભુ નથી માટે, એકવાર શિખરજી સિદ્ધક્ષેત્રના દર્શન કરી આવીએ તો જન્મ સફળ થઈ ગયાની માન્યતા ખોટી છે.

વીતરાગ પરમેશ્વર તીર્થંકર, કેવળીઓ અનાદિથી આમ કહેતા આવે છે. માર્ગ અનાદિનો છે, નવો નથી. મારો પ્રભુ મારામાં જ છે. હું પોતે જ જ્ઞાનાનંદસ્વભાવી ઈશ્વર છું એમ મારાં જ્ઞાનમાં મને બરાબર ભાસે છે. રાગ અને પરના અનુભવમાં આત્મા નથી પણ જો પોતે સ્વભાવનો અનુભવ કરે તો તેમાં આત્મા જાણવામાં આવે છે તેનું નામ સ્વસન્મુખ જ્ઞાન અને શ્રદ્ધા થઈ કહેવાય. પણ એને દિશા ફેરવવી ઈ બહુ આંકરું કામ છે. અંતરમુખ જોતાં જ્ઞાનમાં 'આ જ આત્મા હું છું' એમ બરાબર અનુભવમાં આવે છે. આ ૪૮મુ પદ્ય થયું. હવે ૪૯ મા પદ્યમાં શું કહે છે!

कहै सुगरु जो समकिती, परम उदासी होइ ।<br>
सुथिर चित्त अनुभौ करै, प्रभुपद परसै सोइ ॥४६॥

અર્થઃ—શ્રી ગુરુ કહે છે કે જે સમ્યગ્દષ્ટિ અત્યંત વીતરાગી થઈને મનને ખૂબ સ્થિર કરીને આત્મ-અનુભવ કરે છે તે જ આત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે.

આગળના પદ્યમાં ઉદાસ કહ્યો હતો અહીં પરમ ઉદાસ થઈને જે મન સ્થિર કરીને આત્માનુભવ કરે છે તેવા સમ્યગ્દષ્ટિની વાત કહી છે. રાગ અને નિમિત્તથી પરમ ઉદાસીન થઈને જ્ઞાનાનંદનો અનુભવ કરે છે તેને પ્રભુપદનો સ્પર્શ થાય છે, પ્રભુ પોતે તેને સ્પર્શે છે.

જગતથી જુદી જાતની આ વાત છે.

જ્ઞાનાનંદી ભગવાન આત્માની કોઈ રક્ષા કરે તો રહે અને ન કરે તો ન રહે એવું એનું સ્વરૂપ નથી. રાગના વિકલ્પમાત્રથી પણ જુદું એવું વસ્તુનું સ્વરૂપ છે તે એને વિકલ્પસહિત જ્ઞાનમાં પણ હજુ બેસતું નથી, વિશ્વાસ આવતો નથી. જે દેખાય છે એને માને છે પણ દેખનાર પોતે કેવો છે અને કેવડો છે તેનો વિશ્વાસ નથી. પોતાના

સ્વભાવના જ્ઞાન અને વિશ્વાસ વિના સાધુ થઈને મંદિર આદિ બનાવે, દાતારના નામ કોતરાવે એવી બધી પ્રવૃત્તિઓ કરીને ધર્મ થયો મનાવે. અરે! ક્યાં રખડે છે અને મનાવે છે કે અમે ધર્મ કરીએ છીએ અને કરાવીએ છીએ.

ભરત ચક્રવર્તીએ ત્રણ કાળની ત્રણ ચોવીસીના ૭૨ બિંબ સોનાના ભરાવ્યા હતાં તો તેથી શું થઈ ગયું? શુભભાવ હતો પણ કાંઈ તે ધર્મ ન હતો.

ભરતેશવૈભવમાં એક વાત આવે છે કે ભરતના પુત્રોના મામા ઘરે આવ્યા હતાં તે ચર્ચા કરતાં કહે છે કે અભેદ રત્નત્રયથી જ ધર્મ છે, સાક્ષાત્ ભગવાનને માનવાથી ધર્મ નથી... એ વાત પુત્રોને માન્ય હતી છતાં ભરત કહે છે કે આપણા દાદા જે ઋષભદેવ તીર્થંકર છે તેની પૂજા કરવાથી ધર્મ કેમ ન થાય? પુત્રો કહે છે નહિ ભેદરત્નત્રયથી ધર્મ ન થાય. આવી ચર્ચા-વાર્તા ભરતેશવૈભવમાં આવે છે. દાદા કેવળી થઈ ગયા છે તેને માને છે પણ તે શુભરાગ છે, તેનાથી ધર્મ ન થાય–એમ એ બાળકોને પણ શ્રદ્ધા હશે ત્યારે એવો જવાબ આપ્યો હશે ને! અહીં તો મોટાઓને પણ એવી શ્રદ્ધા અને જ્ઞાન હોતા નથી.

ભગવાનને માનવાથી ધર્મ થાય પણ તે ક્યો ભગવાન?–પરભગવાન કે આ ભગવાન?

જ્ઞાની સુગુરુ એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિ પરનિમિત્ત અને રાગથી ઉદાસ થઈને અને અંતરમાં સ્થિર થઈને આત્માનો અનુભવ કરે છે प्रभुपद परसै सोइ।–નિજભગવાન આત્માનો અનુભવ કરે છે તેને ભગવાન ધર્મ કહે છે. આ વીતરાગમાર્ગ છે આનાથી વિરુદ્ધ કહે તે ગુરુ નહિ, તે શાસ્ત્ર નહિ અને તે ધર્મ નહિ. આટલું તો પ્રથમ નક્કી કરવું જોઈએ.

લોકો એવી દલીલ કરતાં કે વ્યવહાર તે એકડાંના સ્થાને છે અને નિશ્ચય તે એમ. એ. ના ભણતરના સ્થાને છે માટે એકડાં શીખ્યાં વિના એમ. એ.ના ભણતર ન હોય. વ્યવહાર શીખ્યા વિના નિશ્ચય ન હોય...ભાઈ! વ્યવહાર તો જીવ અનાદિથી શિખેલો જ છે. એ વ્યવહારના વિકલ્પો અને નિમિત્તો ઉપરથી દૃષ્ટિ છોડી, આત્મા ઉપર દૃષ્ટિ મૂકતાં આત્માનો અનુભવ થાય એ વિના દયા, દાન, વ્રત, તપ, યાત્રા આદિ લાખ ક્રિયા કરે ને મરી જાય તોપણ ધર્મ ન થાય. દોડી દોડીને પેલા ભગવાન પાસે પહોંચી જાય અને ભગવાનને વિનવે કે પ્રભુ! મને મુક્તિ આપો... તો ભગવાન કહે છે કે તારી મુક્તિ તારી પાસે જ છે, મારી પાસે તારી મુક્તિ નથી, માટે મારી સામે જોવાથી તને મુક્તિ મળે તેમ નથી.

'હું એક જાણનાર-દેખનાર ચૈતન્યતત્ત્વ છું' બસ! એનો અનુભવ કરે છે તે પ્રભુપદને સ્પર્શે છે. પ્રભુ એટલે આત્માને પ્રાપ્ત કરે છે. હવે ૪૯મા પદ્યમાં કહે છે કે વ્યવહારમાં તો મનની ચંચળતા ઊભી થાય છે. એ ચંચળતાને રોકે અને સ્વરૂપમાં દૃષ્ટિ કરે તો ધર્મ થાય.

छिनमैं प्रवीन छिनहीमैं मायासौं मलीन,
छिनकमैं दीन छिनमांही जैसौ सक्र है ।
लियैं दौर धूप छिन छिनमैं अनंतरूप,
कोलाहल ठानत मथानकौसौ तक्र है ॥
नटकौसौ थार किधौं हार है रहटकौसौ,
धारकौसौ भौंर कि कुंभारकौसौ चक्र है।
एसो मन भ्रामक सुथिर आजु कैसै होई,
ओरहीकौ चंचल अनादिहीकौ वक्र है ॥५०॥

અર્થ :—આ મન ક્ષણમાત્રમાં પંડિત બની જાય છે, ક્ષણમાત્રમાં માયામાં મલિન થઈ જાય છે, ક્ષણમાત્રમાં વિષયોને માટે દીન બને છે, ક્ષણમાત્રમાં ગર્વથી ઈન્દ્ર જેવું બની જાય છે, ક્ષણમાત્રમાં જ્યાં-ત્યાં દોડે છે અને ક્ષણમાત્રમાં અનેક વેષ કાઢે છે. જેમ દહીં વલોવતાં છાસની ઉથલ-પાથલ થાય છે તેવો કોલાહલ મચાવે છે. નટનો થાળ, રેહંટચક્રની માળ, નદીના પ્રવાહનું વમળ અથવા કુંભારના ચાકડાની જેમ ઘૂમ્યા જ કરે છે. આવું ભ્રમણ કરનારું મન આજે કેવી રીતે સ્થિર થઈ શકે કે જે સ્વભાવથી જ ચંચળ અને અનાદિકાળથી વક્ર છે!

કેટલાં દાખલા આપ્યા છે! પર તરફના ભ્રમણમાં મનની ચંચળતા જ હોય ત્યાં મનની સ્થિરતા થાય તેવું ન હોય એમ કહેવું છે. ભગવાનની પ્રતિમા સામે જોઈ રહે તોપણ એ વિકલ્પ છે કેમ કે પરદ્રવ્ય તરફ લક્ષ છે; તેમાં પણ આંગી કરેલાં ભગવાનને જોઈ રહે ત્યાં તો માથે લાખોના મુગટ પહેરાવ્યાં હોય, હાથમાં બાજુ-બંધ પહેરાવ્યાં હોય, અત્તર લગાવ્યાં હોય કે જે અત્તરના એક બિંદુમાં પણ મહાપાપ છે. અહીં તો એકલી વીતરાગમુદ્રા હોય તેના દર્શનથી પણ શુભરાગ છે, ધર્મ નથી, તો પ્રશ્ન થાય કે એ રાગ તો પ્રશસ્ત છે ને! સારો છે ને! ભાઈ! અશુભની અપેક્ષાએ શુભરાગને પ્રશસ્ત કહ્યો છે પણ ધર્મની અપેક્ષાએ તે સારો નથી. એ પણ અશુભ છે.

અરે! જીવન જાય છે. એને કોઈ મદદ કરનાર નથી. ધર્મના નામે પણ લૂંટાય છે. તેમાં જો પોતે સત્ય વાત સમજીને અનુભવ કર્યો નહિ તો બધું નિષ્ફળ છે. એ

લાખો માણસોને મેં ધર્મ પમાડ્યો એમ માનતો હોય કે મેં સવાલાખ જિનબિંબ ભરાવ્યા એમ કહેતો હોય તો રાગની મંદતા છે એટલો શુભભાવ છે પણ તેમાં ધર્મ માને છે તેથી મિથ્યાત્વનું પોષણ થાય છે. મંદિર આદિ કોઈના કરાવ્યાં થતાં નથી. આ જુઓને ! પરમાગમમંદિર થાય છે... આપણે કાંઈ કહ્યું નથી. મુંબઈવાળાને ભાવ થયો કે ૮૦મી જન્મજયંતી ઉજવી છે તે નિમિત્તે સોનગઢમાં એક મંદિર બનાવવું. ત્રણ લાખનું કરવું હતું તેને બદલે બાર લાખ તો ખર્ચાઈ ગયા અને હજુ જેટલાં થાય તેટલાં ખરાં... તો આ મંદિર કોઈના કરવાથી થાય છે શું? પરદ્રવ્યની ક્રિયાનો કર્તા થાય છે એ તો મિથ્યાદૃષ્ટિ છે.

छिनमैं प्रवीन.....મન ક્ષણમાં પંડિત બની જાય તો ક્ષણમાં મલિન થઈ જાય છે. જ્ઞાનમાં પંડિત બન્યો હોય તેની વાત નથી. મનથી પંડિતાઈ કરે તે ટકતી નથી. ક્ષણમાં સ્ત્રી પુત્રાદિના રાગમાં લીન થઈ જાય છે. ઘડીકમાં પંડિત અને ઘડીકમાં મૂરખ થઈ જાય એ બધી મનની ચંચળતા છે. આત્મામાં દૃષ્ટિને સ્થિર કરવી તે સમ્યગ્દર્શન છે. પ્રથમ કરવા યોગ્ય ક્રિયા તો આ છે. સાથે આ શ્રવણ આદિનો શુભભાવ હોય છે. ન હોય એમ નથી. સાંભળવાના વિકલ્પથી પણ હું જુદી ચીજ છું એમ અંતર દૃષ્ટિ કરે, રાગથી જુદો પડે ત્યારે ધર્મ થાય.

छिनकमैं दीन.....વિષયોને માટે ક્ષણમાં દીન થઈને મને આ પાંચ ઈન્દ્રિયના વિષયો મળે, આબરૂ મળે, ધન મળે..એની દીનતા કરે છે તો વળી ક્ષણમાં ઈન્દ્ર જેવો અભિમાની બની જાય કે મારી પાસે તો બધું છે, મારે કોઈ પાસેથી કાંઈ જોઈતું નથી. આ બધું મનથી થાય છે તે ધર્મ નથી.

लियै दौर धूप.....ધંધા આદિ માટે દોડધામ કરે છે. વિલાયત જાય વળી પાછો આવે. આટલા પૈસા રોકીએ તો આમ થશે... પૂર્વના પૂણ્ય અનુસાર આવવાનું હોય તે ધનાદિ આવે છે, આ તો નકામી દોડધામ કરે છે પ્લેનમાં આવ-જા કરે એટલે જલ્દી દોડાય પણ તેમાં કાંઈ સાર નથી. અનેક વિકલ્પોના વેષ ધારણ કરે છે.

कोलाहल ठानत मथानकौसौ तक्र है। જેમ દહીંની છાશ બનાવતાં ઝેરણી ફરે ત્યાં અંદર ઉથલ-પાથલ થાય છે તેમ મનમાં એવી ઉથલ-પાથલ ચાલે છે. સપના એવા આવે, કલ્પનાઓ થાય... અરે ! તું તો જ્ઞાનસ્વરૂપ ભગવાન થઈને આ કલ્પનાના રસ્તે ક્યાં ચડ્યો ! ઝેરણી છાશમાં ફર્યાફર કરે તેમ મન ફર્યાફર કરે છે, સ્થિરતા થતી નથી.

મનની ચંચળતા કર્યા કરે છે પણ આત્મામાં ઠરવું હોય તો 'એ અમારું કામ નહિ' એમ એને થાય છે. નટનો થાળ ફર્યા કરે છે તેમ મન ફર્યા કરે છે. નટ તો

દેખાવ કરે છે થાળ તો પોતાની મેળે ફરે છે. રહેંટચક્રની માળમાં એક બાજું પાણી ભરાતું જાય અને બીજે ઠલવાતું જાય તેમ મનના ચક્રની માળ ફર્યા જ કરે છે, એક વિકલ્પ જાય ત્યાં બીજો આવે અને બીજો જાય ત્યાં ત્રીજો આવે. રેંટિયામાં રૂને કાંતે છે તેમ અજ્ઞાની વિકલ્પોને કાત્યાં જ કરે છે, તાર તૂટવા દેતો નથી.

धारकौसौ भौंर.....નદીના પાણીમાં પાણી ભમરી ખાય એટલે વમળ થાય છે ને! તેમ, મન ભમરી ખાય છે, ઘડીમાં કાંઈ તો વળી ઘડીમાં બીજું કાંઈ..... મારી સ્ત્રી બહુ સારી..... પુત્ર બહુ સારો..... એમ કલ્પનાના ઘોડા દોડાવી મનને ચંચળ કરે છે—અસ્થિર કરે છે–બંધભાવ પ્રગટ કરે છે એમ કહે છે. કુંભારનું ચક્ર ગોળ ફર્યા જ કરે છે તેમ મન પણ ફર્યા જ કરે છે, સ્થિર થતું નથી. પ્રભુનો સ્વભાવ તો જ્ઞાન કરીને ઠરવાનો છે તેને બદલે મનને ચંચળ કરીને અસ્થિર થઈ જાય છે.

एसो मन.....આવું ભ્રામક એટલે ભ્રમણ કરનારું મન અજ્ઞાન છે ત્યાં સુધી સ્થિર થતું નથી. જ્ઞાન કરે તો જ સ્થિર થાય. ભેદજ્ઞાન કરે કે આ ચંચળ કલ્પનાઓ ઉઠે છે તે મારું સ્વરૂપ નથી, પરને હું કાંઈ કરી શકતો નથી. હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું એમ દૃષ્ટિ કરે, સ્થિર થાય તો સ્થિર થઈ શકે. બાકી મનડું તો અનાદિનું ચંચળ જ છે, વક્ર છે. આનંદઘનજીમાં આવે છે કે મનડું કિમહિ ન બાજે.....

હવે કહેશે કે મનની ચંચળતા ઉપર જ્ઞાનનો પ્રભાવ પડે તો ग्यानके जगेसौं निरवाण पथ धसा है। એમ સિદ્ધ કરે છે. જ્ઞાન થતાં એ જ્ઞાતા-દૃષ્ટા રહે છે. અજ્ઞાનમાં એ કલ્પનાનો જ સ્વામી થઈ જાય છે.

धायौ सदा काल पै न पायौ कहूं साचौ सुख,
रूपसौं विमुख दुखकूपवास बसा है ।
धरमकौ घाती अधरमकौ संघाती महा,
कुरापाती जाकी संनिपातकीसी दसा है ॥
मायाकौं झपटि गहै कायासौं लपटि रहै,
भूल्यो भ्रम-भीरमैं वहीरकौसौ ससा है ।
एसौ मन चंचल पताकासौ अंचल सु,
ग्यानके जगेसौं निरवाण पथ धसा है ॥५१॥

અર્થ :—આ મન સુખને માટે સદાય ભટકતું રહ્યું છે પણ ક્યાંય સાચું સુખ મેળવ્યું નથી. પોતાના સ્વાનુભવના સુખથી વિરુદ્ધ થઈ દુ:ખના કુવામાં પડી રહ્યો છે. ધર્મનો ઘાતક, અધર્મનો સાથી, મહાઉપદ્રવી સનેપાતના રોગી જેવો અસાવધાન થઈ રહ્યો

છે. ધન-સંપત્તિ આદિનું સ્ફૂર્તિથી ગ્રહણ કરે છે અને શરીરમાં સ્નેહ કરે છે, ભ્રમજાળમાં પડ્યો થકો એવો ભૂલી રહ્યો છે જેવો શિકારીના ઘેરામાં સસલું ભટકી રહ્યું હોય. આ મન ધજાના વસ્ત્રની જેમ ચંચળ છે, તે જ્ઞાનનો ઉદય થવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે.

આત્મા અને રાગાદિનું ભેદજ્ઞાન કરે ત્યારે જ મનની ચંચળતાનો નાશ થાય છે.

धायो सदाकाल.....પોતાના આત્મામાં જ સુખ છે પણ તેની શ્રદ્ધા-જ્ઞાન કરતો નથી અને બહારથી સુખ લેવા માટે ભટક્યાં કરે છે. रूपसौं विमुख....પોતાના સ્વરૂપથી વિમુખ દુઃખના મોટા કૂવામાં પડ્યો છે. પરમાં સુખ નથી છતાં સુખ માનીને કલ્પનાઓ કર્યા કરે છે. સમાજમાં મારી ખુરશી પહેલી પડે તો મને સુખ, ખૂબ પૈસા હોય તો સુખ, પાંચમાં પૂછાતો હોય તો સુખ, પરિવાર અને વેવાય આદિ પૈસાવાળા હોય તો સુખ એમ અનેક જગ્યાએ ઇ સુખની કલ્પના કરીને પડ્યો છે. મોટો પગારદાર, પદવીધારી અમલદાર હોય તેને સુખી કહેવાય ને ! એના માનના પ્યાલા પણ ફાટી ગયા હોય, તેનો એક ગામમાં બનાવ બનેલો...દીકરો મોટો ઓફિસર એટલે ઊંટ ઉપર બહાર ગામ જતો હતો અને સાથે પોતાનો બાપ પણ હતાં પણ સામેવાળાએ પૂછ્યું કે તમારી સાથે કોણ છે તો દીકરો કહે છે એક માણસ મારી સાથે છે. જુઓ ! એને મારો બાપ સાથે છે એમ બોલતાં શરમ લાગી, બાપને ઘણું અપમાન લાગ્યું એટલે કહે છે હું એનો માણસ નથી, હું એની માનો ધણી છું..... આવા અભિમાની વિવેક પણ ભૂલી જાય છે.

આમ, ક્રોધ, માન, માયા, લોભાદિ ભાવોમાં પડેલા અજ્ઞાની દુઃખના કૂવામાં જ પડ્યાં છે, સુખી નથી. ધરમનો તો એ ઘાત કરનારા છે. શુભાશુભ બંને ચંચળ ભાવો ધર્મના ઘાત કરનારા છે. માટે, મનનો સંગ છોડી આત્માનો સંગ કરે તો જ ધર્મ થાય. બહારની પદવીના કે ધનાદિના અભિમાનમાં ચડી ગયેલાંને આ માનવું બહુ અઘરું પડી જાય તેવું છે. અમે તો મંદિર બંધાવ્યા છે અને દાનમાં બહુ પૈસા વાપર્યા છે એવા અભિમાનમાં મરી જશે તો નિગોદમાં ચાલ્યો જશે. વસ્તુના સ્વભાવથી વિરુદ્ધ માનનારાને કાંઈ તત્ત્વ મળી જાય !

મનનો સંગ થતાં જે શુભાશુભભાવ થાય તે બંને અધર્મનો સંગાથ છે. ભગવાન આત્માની અંતરદૃષ્ટિ કરવી તેમાં જ સુખ છે, તેમાં જ શાંતિ છે અને ધર્મ છે. મનના વિકલ્પમાં ક્યાંય ધર્મ નથી. संघाती महा कुरुपाती કહીને, મહાઉપદ્રવી-વિપરીત સ્વભાવવાળો કહ્યો છે. શુભાશુભભાવમાં મહા ઉપદ્રવ છે. ભગવાન આત્મા મનના સંગ વિનાનો અસંગી છે, તે અસંગીનો સંગ કરવાથી ધર્મ થાય છે. *(ક્રમશઃ)*

* * *

# જ્યાં રાગની વૃદ્ધિ છે ત્યાં આત્મજ્ઞાન નથી

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૨૧)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે.

આત્મા સિવાય પરપદાર્થ છે તે આત્માના કાર્યને કરી શકતાં નથી અને પરના કાર્યને આત્મા કરી શકતો નથી.

અનંત રતનથી ભરેલું વહાણ દરિયામાં વેગથી ચાલ્યું જતું હોય એમાં ક્યાંક લાકડાનાં ટૂકડાંની જરૂર પડે તો નીચેના ભાગમાંથી લાકડાંનો ટૂકડો કાઢે ખરાં ? તેમ અનંત ચૈતન્ય રતનથી ભરેલાં વહાણને સમ્યગ્દૃષ્ટિ દર્શન-જ્ઞાનની વૃદ્ધિ કરતો વેગથી ચલાવી રહ્યો હોય તે પરના કર્તૃત્વમાં રોકાય ?

સમ્યગ્દર્શન એટલે તો મોક્ષમહેલ ચડવાની પ્રથમ સીડી છે. સ્વભાવની દૃષ્ટિ થઈ તે પરથી કામ લેવાની બુદ્ધિ કેમ કરે ! આત્મા જેની દૃષ્ટિમાં વસ્યો છે એવા સમ્યક્ દૃષ્ટિવંત ધર્મીને બીજાં પ્રત્યેના રાગથી શું કામ છે ? રાગ આવે ખરો પણ તેનાથી પોતાને લાભ માનતાં નથી. અરે ! વ્યવહારરત્નત્રયનો રાગ આવે ખરો પણ તેનાથી પણ લાભ માનતાં નથી. રાગમાત્રથી અંતરમાં ઉપેક્ષા છે અને વીતરાગભાવની અંતરમાં અપેક્ષા છે. ભૂમિકા પ્રમાણે, નબળાઈના કારણે રાગ આવે છે પણ તેનાથી કાંઈ પ્રયોજન નથી.

હવે કહે છે કે જેનાથી મિથ્યાત્વ અને રાગાદિની વૃદ્ધિ થતી હોય તે આત્મજ્ઞાન નથી એમ ૭૬મી ગાથામાં નિરૂપણ કરે છે.

तं णिय-णाणु जि होइ ण वि जेण पवड्ढइ राउ ।
दिणयर-किरणहँ पुरउ जिय किं विलसइ तम-राउ ॥७६॥

અર્થ :—હે જીવ ! તે વીતરાગ નિત્યાનંદ અખડં સ્વભાવી પરમાત્મતત્ત્વનું પરિજ્ઞાન જ નથી કે જેનાથી પરદ્રવ્યમાં પ્રીતિ વધે. સૂર્યના કિરણો આગળ અંધકારનો ફેલાવ કેમ શોભાયમાન થઈ શકે ? ન થઈ શકે.

ખરેખર જ્યાં વીતરાગ નિત્યાનંદ અખંડ સ્વભાવી પરમાત્મતત્ત્વનું પરિજ્ઞાન હોય ત્યાં રાગની વૃદ્ધિ થતી જ ન હોય. જ્યાં આવા પરમાત્મતત્ત્વનું જ્ઞાન નથી ત્યાં જ રાગની વૃદ્ધિ હોય છે. રાગરૂપ અંધકરા ફેલાયેલો છે ત્યાં ચૈતન્યસૂર્યનો પ્રકાશ નથી.

આગળ ૭૫ ગાથામાં કહ્યું કે વ્યવહાર વિકલ્પ રાગાદિ હોય એ કાંઈ પ્રયોજનભૂત

નથી, દુ:ખરૂપ છે. આ ૭૬ ગાથામાં તેનાથી પણ વિશેષ વાત કરી છે કે આત્મા નિર્વિકલ્પ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ થયાં પછી રાગ વૃદ્ધિ પામે એમ કેમ બને! જ્યાં ભ્રમણા અને રાગની વૃદ્ધિ હોય ત્યાં આત્મજ્ઞાન ન હોઈ શકે. જ્યાં રાગની તીવ્રતા હોય કે આમ કરવાથી આમ થશે, આ લઉં, આ મૂકું.....એ મિથ્યાત્વભાવ છે અને સાથે રાગની વૃદ્ધિ છે ત્યાં આત્માની દૃષ્ટિ કેવી? જ્યાં રાગથી કામ લેવાની વૃત્તિ છે કે આવો રાગ કરું તો આમ થાય, આવા વિકલ્પ કરું તો આમ થાય... એમ જ્યાં મિથ્યાત્વની ભ્રમણા અને રાગની ધારા વધે છે ત્યાં ચૈતન્ય ભગવાનની વીતરાગતાની વૃદ્ધિ તો નથી પણ તેનું કારણ પણ નથી.

ભગવાન આત્મા તો એકલાં ચૈતન્યરતનનો ભંડાર છે. તેની દૃષ્ટિ થઈ હોય અને રાગની એકતા અને રાગની વૃદ્ધિ થાય એમ ત્રણકાળમાં બને નહિ. જેને અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માનું જ્ઞાન નથી તેને પરદ્રવ્યમાં પ્રીતિ વધે છે. આત્મદૃષ્ટિવંતને તો પરદ્રવ્યમાં પ્રીતિ ઘટતી જાય છે, પરમાં આસક્તિ હોય છે પણ એકતાં હોતી નથી અને આસક્તિ પણ ઘટતી જાય છે.

ભગવાન આત્માનું ભાન નથી તેને જ વિકલ્પમાં એકતા અને વિકલ્પની વૃદ્ધિ થાય છે. પરમાત્મપ્રકાશની વાત જ કોઈ ન્યારી છે! દ્રષ્ટાંત આપીને સમજાવશે કે અખંડ પરમાનંદ પ્રભુની પ્રીતિ જેને નથી તેને જ પરદ્રવ્યની પ્રીતિનો પ્રવાહ વહે છે. બહારથી પરદ્રવ્યની પ્રીતિનું માપ નથી. બાહ્યમાં બધો પરિગ્રહ છૂટી ગયો છે માટે તેને રાગ નથી અને બાહ્યમાં છ ખંડના રાજ છે માટે તેને રાગ વધી ગયેલો છે એમ એનું માપ ન હોય.

મહાન ચૈતન્ય પ્રભુ—અનંતગુણ સાગર આત્માની દૃષ્ટિ અને અનુભવથી જેના વહાણ મોક્ષ તરફ ચાલી રહ્યાં છે, સંસારનો કિનારો નજીક આવી રહ્યો છે તેને રાગની એકતા તો નથી પણ રાગની વૃદ્ધિ પણ તેને નથી. જ્યાં આત્મદ્રવ્યની રુચિ ન હોય ત્યાં પરદ્રવ્યનો પ્રેમ હોય જ છે. તેને અંદરમાં રાગની વૃદ્ધિ થતી હોય છે. મિથ્યાત્વ સહિત રાગની વૃદ્ધિ છે ત્યાં ચૈતન્યસૂર્યનો પ્રકાશ નથી. દિનકર હોય તો ત્યાં અંધારા ન હોય.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનું સ્થાન આત્મા નથી. વિકલ્પનું ઉત્થાન થવું એ જીવનું સ્વરૂપ નથી. આત્મા તો અતીન્દ્રિય આનંદરૂપ મોક્ષના બીજ પાકે એવું સ્થાન છે, ત્યાં રાગની એકતા અને રાગની વૃદ્ધિ કેમ હોઈ શકે? દયા, દાન, વ્રત, ભક્તિ, યાત્રાના ભાવથી મારું કલ્યાણ થશે એવું માનનારા મિથ્યાદૃષ્ટિ જીવને, બહારથી સ્ત્રી, પુત્રાદિનો ત્યાગ કરતો હોય તોપણ, અંદરમાં મિથ્યાત્વની પુષ્ટિ થતી જાય છે.

પરદ્રવ્યના પરમાણુમાત્રને હું કરી શકું છું એવી બુદ્ધિ છે અને રાગ આવે તેની પ્રીતિ અને રુચિ છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને આત્માની દૃષ્ટિ નથી. સમ્યગ્દૃષ્ટિને તો ઇચ્છા થાય છે એ ખરેખર ઇચ્છા જ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, દયા, દાનાદિની ઇચ્છા થાય છે તેનાથી મારું કાર્ય સિદ્ધ થશે એમ એ માનતાં જ નથી. ઇચ્છા તો રાગ છે, રાગથી શું વીતરાગતાનું કાર્ય સિદ્ધ થાય ?

નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અને વ્યવહાર સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર બંને વિરૂદ્ધ છે કેમ કે તેના આશ્રય જુદાં છે, બંનેની દિશા જુદી છે, બંનેના ફળ પણ જુદાં છે. માટે જ્યાં રાગની વૃદ્ધિ છે ત્યાં આત્મજ્ઞાન નથી. આત્મજ્ઞાન હોય ત્યાં રાગની વૃદ્ધિ ન હોઈ શકે. કોની પેઠે ? સૂર્યની પેઠે. જ્યાં સૂર્યના કિરણો ફેલાયેલાં હોય ત્યાં અંધકાર ન હોઈ શકે.

જુઓ ! દિગંબર સંતો દૃષ્ટાંત પણ કેવા આપે છે ? સૂર્યના તીખા કિરણો પ્રકાશ–પ્રકાશ ફેલાવતાં હોય ત્યાં અંધકાર શી રીતે શોભા પામે ? એટલે કે અંધકાર હોય જ નહિ. તેમ ચૈતન્યસૂર્યના જ્ઞાનકિરણો જ્યાં ફેલાયા હોય ત્યાં રાગની વૃદ્ધિ કેમ શોભા પામે ? અર્થાત્ રાગની વૃદ્ધિ હોય જ નહિ.

જેમ ચપટી રાખ માટે ચંદનના વનને બાળી નાંખે તેમ ભગવાન આત્મા એકલો શીતળ શીતળ ચૈતન્ય ચંદનનું વન છે તેને બાળીને અજ્ઞાની પુણ્યની અને દુનિયાની ચીજોની અભિલાષા કરે છે. અહા ! ભગવાન આત્માના વહાણનું આગમ દૃષ્ટાંત આપ્યું ને ! શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ અને આનંદાદિ અનંતગુણરત્નોથી ભરેલા ચૈતન્યના વહાણમાં એક લાકડાના કે લોખંડના ટૂકડાંની જરૂર હોય તો વહાણમાં નીચેના ભાગમાંથી તોડીને કાઢે તે મૂરખ છે, તેમ અનંત અનંત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના રતનથી ભરેલો ભગવાન જેના શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યો હોય અને પછી કહે કે ના...ના... એટલાથી ન ચાલે, મારે તો આ જોઈએ...તે જોઈએ... તો તું મૂઢ છો, તારું ચૈતન્યરતનથી ભરેલું આખું વહાણ ડૂબી જશે.

અરે, પણ ગૃહસ્થાશ્રમમાં પણ આવી દશા !! હા, આત્મા ક્યાં ગૃહસ્થાશ્રમમાં છે ? આત્મા ગૃહસ્થાશ્રમમાં પણ નથી અને બાર વ્રતના વિકલ્પમાં પણ આત્મા નથી. આત્મા તો આત્મામાં છે. બાર વ્રત આદિના શુભવિકલ્પ હોય છે પણ તેનાથી આત્માનું શુદ્ધતાનું કાર્ય સિદ્ધ થતું નથી, તેથી જ્ઞાનીને છ આવશ્યક આદિનો રાગ હોવા છતાં રાગની વૃદ્ધિ નથી. જ્યાં વીતરાગીસ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન નથી ત્યાં જ રાગની વૃદ્ધિરૂપ અંધકાર હોય છે.

ભાવાર્થ :—શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન જે વીતરાગ પરમ આનંદ તેના શત્રુ પંચેન્દ્રિયના વિષયોની અભિલાષા જ્યાં હોય ત્યાં નિજ આત્મજ્ઞાન નથી, અજ્ઞાન જ છે. જ્યાં વીતરાગભાવ છે ત્યાં જ સમ્યગ્જ્ઞાન છે.

અહીં શુદ્ધાત્માની ભાવના એટલે શુદ્ધાત્મામાં એકાગ્રતા એવો અર્થ સમજવો. બીજી જગ્યાએ ભાવનાનો અર્થ ચિંતવન થાય છે અને ધ્યાનનો અર્થ એકાગ્રતા થાય છે એમ કહ્યું છે તેમ અહીં ન સમજવું. અહીં ભાવનાને જ એકાગ્રતાના અર્થમાં કહી છે. પરમાનંદરૂપી માખણથી ભરેલા ભગવાનની ભાવનાથી શું ઉત્પન્ન થાય છે ?—કે વીતરાગ પરમાનંદ ઉત્પન્ન થાય છે, રાગ ઉત્પન્ન થતો નથી. શુભરાગ પણ આત્માના ધર્મના કાર્યમાં બિલકુલ કારણ થતો નથી.

પહેલાંનાં માણસોને આ આકરું પડે. સમજાય પણ નહિ. કેમ કે ભક્તામર બોલવું, ભગવાનની પૂજા કરવી, દાન દેવું...તેનાથી જ ધર્મ થઈ જશે એમ માનેલું હોય તેની સામે આ વાત આવે કે લાખવાર ભક્તામર બોલ કે કરોડ પૂજા કર પણ તે શુભરાગ છે, તેનાથી ધર્મ નહિ થાય—સમ્યગ્દર્શન નહિ થાય એ સમજવું અઘરું લાગે.

શ્રોતા :—તો પૂજા, ભક્તામર આદિ કરવા કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ કરવાના ભાવ આવ્યા વિના નહિ રહે. મોટા પંચકલ્યાણક કરાવવાના ભાવ પણ આવે. પણ ક્રિયા તો જે થવાયોગ્ય હોય તે થાય. તે ક્રિયાથી કે શુભરાગથી ધર્મ નહિ થાય. શુભરાગથી જડની ક્રિયા પણ ન થાય અને આત્માનો ધર્મ પણ ન થાય.

મંદિર રચાવું કે ન રચાવું એ પરમાણુના જગતનું કાર્ય છે. સ્કંધ છે તે પરમાણુનું જગત છે, તેનાથી મંદિરની ઉત્પત્તિ થાય છે. ઉત્પત્તિ એટલે પર્યાય થાય છે.

અહીં તો અપૂર્વ વાત છે. બાકી ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો મગનો દાણો, તેની કરી ખીચડી... એ વાત તો બધાંએ સાંભળેલી જ છે. અહીં તો વીતરાગ ધર્મકથા છે. વીતરાગ...વીતરાગ...વીતરાગની જ કથા મુનિઓ કરે છે. મુનિઓ પાસે બીજી વાત જ નથી. વારંવાર વીતરાગતાની જ વાત છે. આત્માનો સ્વભાવ વીતરાગી, આત્માનું સમ્યગ્દર્શન વીતરાગી, આત્માનું જ્ઞાન વીતરાગી અને સ્થિરતા પણ વીતરાગી છે. તેના ફળમાં તો એકલી વીતરાગતા જ છે. ગૃહસ્થાશ્રમમાં પહેલાં દીપચંદજી સાધર્મી આત્માવલોકનમાં આમ કહે છે કે મુનિઓ મુહુ મુહુ—વારંવાર વીતરાગતાની વાત કરે છે. છઢાળામાં દૌલતરામજી પણ લખે છે કે '...ભ્રમરોગહર

જિનકે વચન, મુખચંદ્રતે અમૃત ઝરૈ.' જિનવાણીમાં અમૃત ઝરે છે.

મુનિઓ તો તેને કહીએ કે જેના અંતરમાં અતીન્દ્રિય આનંદ ઉછાળા મારે છે. આવા મુનિઓના મુખમાંથી વીતરાગતાના અમૃત ઝરે છે. રાગ ઉઠે છે તે અમૃત નથી. પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એવો પ્રભુ જેમાં એકલાં વીતરાગી અમૃતનો સાગર ઉછળી રહ્યો છે તેની વાત મુનિઓ કરે છે. અરે જીવો! તમે વીતરાગી આત્માની દૃષ્ટિ કરો. વીતરાગી આત્માનું અંતરજ્ઞાન કરો અને વીતરાગી આત્મામાં ઠરો... એ મોક્ષમાર્ગ છે.

"ષટ્કાય જીવ ન હનનતે, સબવિધ દરવહિંસા ટરી,
રાગાદિભાવ નિવારતેં, હિંસા ન ભાવિત અવતરી.
જિનકે ન લેશ મૃષા, ન જળ, મૃણ હૂ વિના દિયો ગહૈ,
અઠદશ સહસ વિધ શીલધર, ચિદ્બ્રહ્મમેં નિત રમી રહે."

આવા મુનિને મુનિ કહેવાય. કાંઈ કપડાં કાઢીને નગ્ન થઈ જવાથી મુનિ કહેવાતાં નથી. પંચમકાળ હોય તોપણ શું! મુનિનું સ્વરૂપ તો સદાય એકસરખું જ હોય. પંચમકાળમાં પણ પકવાન તો ઘી, ગોળ અને લોટનો જ બને, કાંઈ ગારા અને પાણીનો ન બને.

અહા! ચિદ્બ્રહ્મમાં રમનારા મુનિના મુખમાંથી આવું અમૃત ઝરે છે કે ભગવાન આત્મા તો અનાકુળ અમૃતથી ભરેલો પ્રભુ છે ને ભાઈ! તેની અંતરદૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરો. એવી જ વાણી સંતોના મુખમાંથી નીકળે છે ભગવાન! તારા શાંતસાગરની દૃષ્ટિ કર! જ્ઞાન કર! વિકલ્પ ઉઠે પણ તેને ન જો. ભગવાનને જો ને! અનાકુળ અમૃતનો દરિયો ભરેલો છે તેને જો, શ્રદ્ધા કર અને ઠર! નિશ્ચય સમકિતની વાત મુખ્યપણે કરે છે.

છઢાળામાં તો ગાગરમાં સાગર ભર્યો છે. સાદી સીધી સરળ વાત કરે છે પણ મૂઢ બીજે દોરાઈ ગયો છે તેથી આ અધ્યાત્મનો દોર એના હાથમાં આવતો નથી. પોતે જ આડ મારી છે.

અહીં કહે છે કે અહો! આનંદકંદ શુદ્ધાત્મામાં એકાગ્રતાથી શું ઉત્પન્ન થાય? કાંઈ દયા-દાન-વ્રતના વિકલ્પો ઉત્પન્ન થાય? આગળ કહી ગયા છે કે વ્રતના વિકલ્પ કે શાસ્ત્રનું જ્ઞાન આત્માને કાંઈ કાર્યસિદ્ધિ આપતું નથી. શાસ્ત્રના ઉપદેશનો વિકલ્પ ઉઠે છે તે પણ આત્માને ધર્મ પ્રગટ કરવામાં કાંઈ મદદ કરતો નથી. આત્માનો ધર્મ તો શુદ્ધાત્મામાં એકાગ્રતાથી જ પ્રગટ થાય છે. પરમ સુખ અને આનંદની પ્રાપ્તિ આ એકાગ્રતાથી થાય છે. વ્યવહારરત્નત્રયની પ્રાપ્તિ એ આ એકાગ્રતાનું ફળ પણ નથી અને

વ્યવહારરત્નત્રયથી આત્માના કાર્યની સિદ્ધિ પણ નથી. વ્યવહારરત્નત્રય તો અસ્થિરતા વશ ઉત્પન્ન થયેલો વિકલ્પ છે. આત્મામાં એકાગ્રતાથી તો પરમસુખ અને પરમાનંદ ઉત્પન્ન થાય છે, વ્યવહારરત્નત્રયનો રાગ નહિ.

અહા ! ક્યાં તારું પરમ અમૃત આનંદમય તત્ત્વ અને ક્યાં આ સંયોગ ! જુવાન શરીર હોય, રૂપાળું હોય, નીરોગી હોય, ભવિષ્યમાં રોગ થાય એવી શંકા ન હોય, કરોડોની સંપત્તિ હોય... તેની પ્રીતિમાં અજ્ઞાનીનો ઉલ્લાસ જોઈ લો ! એ ઉલ્લાસ દેખાય છે તે ઝેરનો ઉલ્લાસ છે. અજ્ઞાનીનો અજ્ઞાનમય બાળપણનો ઉલ્લાસ છે. એ બાળપણ છોડીને જ્યાં જ્ઞાનની યુવાનીમાં આવ્યો—પૂર્ણાનંદ ભગવાનની નિર્મળદશાની રમતમાં આવ્યો તે એકાગ્રતાના ભોજનની શું વાત કરવી ! આહાહા ! ! અજ્ઞાનીએ આ ઉલ્લાસનો અનુભવ નથી કર્યો પણ અજ્ઞાનમય ઝેરના ઉલ્લાસનો અનુભવ તો કર્યો છે ને કે પોતે જુવાન, નીરોગ, ધનવાન, એકનો એક પુત્ર અને સામે કન્યા પણ એવી જ સુંદર, રૂપવાન, તેના મા-બાપની એકની એક દીકરી હોય એના પ્રથમ મિલનમાં એને કેવો પ્રેમ લાગે કે જાણે જગતમાં આ સિવાય બીજું કાંઈ છે જ નહિ ! ચારેબાજુની સરખાઈનો આનંદ વેદાતો હોય... તેમ અહીં તો 'ભાવના' શબ્દનો ભાવ સમજાવવો છે કે અહો ! ભગવાન ચૈતન્ય આનંદનો કંદ પ્રભુ તેના યૌવનકાળની એકાગ્રતાનું શું કથન કરવું ! એટલા ઉત્સાહથી અંદરમાં એકાગ્ર થાય છે કે અણુત્સાહ ક્યાં છે તેની ખબર નથી. પ્રમાદનું તો નામ નથી.

સમયસારમાં આવે છે ને! હવે પછીની અનંત કાળાવલી આમનેમ પસાર થાઓ... સમયસારના શબ્દો બધાં અમૃતના આનંદના એકલાં વીતરાગી ઝરણાં છે. ઓલા યુવાનોને ઉત્પન્ન થયેલો રાગનો પ્રેમ એકલો ઝેર છે, જ્યારે શુદ્ધાત્મામાં એકાગ્રતાનો ઉલ્લાસ તો એકલો અમૃત છે.

ચારે બાજુથી સરખાઈવાળા યુવાનના લગ્ન થાય અને જ્યાં વિશ્વાસુ જ્યોતિષી એમ કહે કે જો તમે સુહાગરાત ભોગવશો તો મરી જશો. તો પછી એ પ્રીતિ રહે ખરી ! પ્રીતિ અગ્નિમાં મળી જાય. આ કોઈ અદ્ધરની વાત નથી હો ! બની ગયેલો દ્રષ્ટાંત છે. જામનગરના દરબારનું સગપણ થયેલું પણ અનુભવી જ્યોતિષીએ એવી વાત કરી, તો આખી જિંદગી પરણ્યાં વગર રહ્યાં. તેમ અહીં તો એ કહેવું છે કે તારા આત્મામાં એકાગ્રતામાં તને એટલો આનંદ આવશે કે રાગનો આનંદ લેવા જઈશ તો મરી જઈશ, ઝેર થઈ જશે... ગુરુની આવી વાણી સાંભળીને એને રાગનો રસ રહે ખરો ! શુભાશુભરાગની રુચિની ઉત્પત્તિ જ અટકી જાય.

કથામાં પણ આવી વાત આવે છે કે, વિજય શેઠ અને વિજયા શેઠાણીના લગ્ન તો થયા પણ એકને સુદમાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા હતી અને એકને વદમાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા હતી. પ્રથમરાતે જ વાત થઈ, બંને જણા આખી જિંદગી બ્રહ્મચર્યથી રહ્યાં, સજ્જનને બીજી વાત ન હોય, ભાઈ-બેનની જેમ રહ્યાં. પહેલાં જે રાગનો ઉલ્લાસ હતો તે ક્ષણમાં કેવો પલટી જાય છે ! તેમ જેને શ્રદ્ધા-જ્ઞાનમાં ભગવાન આત્માનો પ્રેમ થાય છે તેને ક્ષણમાં ઝેરના ઉલ્લાસ છૂટી જાય છે. હવે મારે અને રાગને કાંઈ સંબંધ નથી. તેથી જ તો અહીં પંચેન્દ્રિયના વિષયોની અભિલાષાને વીતરાગ પરમાનંદની શત્રુ કહી છે. વિષયોની અભિલાષા છે ત્યાં આત્મજ્ઞાન ન હોય શકે.

સમ્યગ્દૃષ્ટિને રાગ થાય છે પણ અભિલાષા નથી. અભિલાષા તો ભગવાન આત્માની છે અને અહીં તો વિશેષ એકાગ્રતાવાળા જ્ઞાનીની વાત છે કે તેને અભિલાષાની વૃત્તિની ઉત્પત્તિ જ થતી નથી. 'વિષય' શબ્દનો અર્થ એકલો ભોગ નથી. વિષય કહેતાં પાંચેય ઈન્દ્રિયના વિષયો—રૂપ, રસ, ગંધ, આબરું, કીર્તિ આદિની વાસનાનો પ્રેમ ધર્મીને ન હોય. જ્યાં અતીન્દ્રિય ભગવાન આત્માનું જ્ઞાન છે ત્યાં પાંચ ઈન્દ્રિયના વિષયની અભિલાષાનું ઝેર ક્યાંથી હોય ! જ્યાં સૂર્ય ઉગે ત્યાં અંધકાર ક્યાંથી હોય ! અને અંધકાર છે ત્યાં દિનકરના પ્રકાશ છે જ નહિ. દિનકર એટલે સૂર્યના કિરણો—કર એટલે હાથ. જ્યાં રાગની અભિલાષા છે ત્યાં આત્માનો હાથ નથી. આત્માનો એ અધિકાર નથી. આબરું, કીર્તિ આદિના મલાવા છે તે આત્માના આનંદના વેરી છે.

શ્રોતા :—તેને તો આ વાણી જ નિવારી શકે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—હોશિયાર માણસ છો એટલે કહેતા આવડે છે કે વાણી જ નિવારી શકે.

જેમાં એકાગ્રતાથી શાંતરસના ઝરણાં ઝરે તેના વેરી એવા પાંચ ઈન્દ્રિયના વિષયોની અભિલાષા જ્યાં હોય ત્યાં આત્મજ્ઞાન કેમ હોય ! ત્યાં આત્માની દૃષ્ટિ કેવી ! તેની દૃષ્ટિમાં આત્મા ક્યાંથી વસે !

આ બહારની વાત નથી હો. લોકોને તો એમ છે કે આપણે સ્ત્રી, ઘર આદિ છોડી દઈએ એટલે આપણા વિષય છૂટી ગયા કહેવાય પણ એમ નથી. અહીં તો પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓથી છૂટીને સ્વભાવની દૃષ્ટિ કરે ત્યારે વિષયોની અભિલાષા છૂટે છે. જ્યાં ભગવાન આત્માની ભાવના છે ત્યાં રાગની ભાવના કેવી ! અને જ્યાં રાગની ભાવના છે ત્યાં ભગવાન આત્માની ભાવના કેવી ! એક મ્યાનમાં બે તલવાર કદી ન સમાય.

પુણ્યના ફળમાં પરવિષયો મળે છે, સ્વવિષય ફળતો નથી. તેથી તો ભગવાન કહે છે કે સમકિતીને જેટલો રાગ રહી જાય છે તેના ફળમાં એ સ્વર્ગમાં સગ અંગારામાં શેકાય છે. શુભરાગના ફળમાં પણ આત્માની શાંતિ મળતી નથી. શાંતરસની એકાગ્રતાના ફળમાં વાસનાનું ઉઠવું ન હોય. જ્યાં વાસનાનો પ્રેમ હોય ત્યાં આત્મજ્ઞાન ન હોય. અજ્ઞાન જ હોય. ભલે તે ત્યાગી અને મુનિ થઈને બેઠો હોય તોપણ અંદરમાં રાગની અભિલાષા પડી છે તેને આત્માનું જ્ઞાન નથી. રાગના વેગે તણાયો તેને ચૈતન્યનું જ્ઞાન નથી

જ્યાં વીતરાગભાવ છે ત્યાં જ સમ્યગ્જ્ઞાન છે. જ્યાં રાગનો રસ પડ્યો છે ત્યાં સમ્યગ્જ્ઞાન હોઈ શકતું નથી. જેની શ્રદ્ધા-જ્ઞાનમાં નિર્મળાનંદ વીતરાગસ્વભાવ વસે છે તેને જ સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્રજ્ઞાન છે ત્યાં સમ્યગ્જ્ઞાન છે એમ નથી, શાસ્ત્રજ્ઞાનમાં આત્મજ્ઞાનની વાત તો પહેલાં જ કાઢી નાંખી છે.

વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.

કાયરોને આવી વાત પ્રતિકૂળ લાગે. કાયર તે છે કે જે મિથ્યાત્વથી પુષ્ટ થયેલાં છે. તેને વીતરાગની આ વાણી કે—'વ્યવહારરત્નત્રયના વિકલ્પથી આત્માનું હિત થાય નહિ અને આત્મામાં એકાગ્રતાથી તે રાગ ઉત્પન્ન થાય નહિ'—શ્રદ્ધા-જ્ઞાનમાં બેસતી નથી.

આ જ વાત દ્રષ્ટાંત દ્વારા દૃઢ કરે છે તે સાંભળો ! હે જીવ ! જેમ સૂર્યના પ્રકાશ પાસે અંધારું શોભા પામતું નથી તેમ આત્મજ્ઞાનમાં વિષયોની અભિલાષા શોભતી નથી. આમ, નિશ્ચયથી જાણજો.

સૂર્યના પ્રકાશ પાસે અંધારું શોભતું નથી એટલે કે અંધારું હોતું જ નથી તેમ આત્મજ્ઞાન હોય તેને વિષયોની અભિલાષા હોતી જ નથી. આ વાત નક્કી સમજવી. જેને ભગવાન આત્માનું ભાન અને દર્શન છે તેને વિષયની અભિલાષા કેમ સ્ફુરે ? જ્યાં આનંદ સ્ફૂરે છે ત્યાં રાગનો રસ ક્યાંથી સ્ફૂરે ! અસ્થિરતાવશ થોડી રાગની વૃત્તિ આવે તેને અહીં ગૌણ કરીને વાત કરી છે. અહીં જ્ઞાન અને અજ્ઞાન બેની જ વાત કરી છે. અસ્થિરતાની વાત જ કરી નથી. તત્ત્વની દૃષ્ટિ સમજ્યા વિના માત્ર શાસ્ત્રજ્ઞાનથી નિવેડો આવે તેમ નથી. સમ્યગ્દૃષ્ટિને રાગની ઉત્પત્તિ થઈ જાય એ જુદી વાત છે. પણ તેમાં મીઠાશ રહેતી નથી. ઉપરથી ઈન્દ્ર ઉતરીને રાગનો રસ લેવા લલચાવે તોપણ ડગે નહિ. અરે ! અમે અમારા શાંતરસની એકાગ્રતામાં આવીએ ને ! અમે રાગમાં શું કામ એકાગ્ર થઈએ !

શાસ્ત્રનું જ્ઞાન થવા છતાં જો નિરાકૂળતા ન થાય અને આકુળતાના ઉપજવવાળા

આત્મિક સુખના વૈરી રાગાદિકની જો વૃદ્ધિ થતી હોય તો તે જ્ઞાન શા કામનું ? જ્ઞાન તો તે છે કે જેનાથી આકુળતા મટી જાય.

શાસ્ત્રનો ઉપદેશ આપીને હજારો, લાખો માણસોને રીઝાવી દે પણ અંતરમાં પોતાને નિરાકુળ સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન નથી તો એ શાસ્ત્રજ્ઞાનથી તેને શું લાભ થયો ? ઉલટો રાગ વધ્યો હોય કે જે આત્મિકસુખનો વેરી છે તેની વૃદ્ધિ થઈ તો એ જ્ઞાન શું કામનું ? અંતરદૃષ્ટિપૂર્વક જ્ઞાન શાંત થઈને કર્યું નથી તો એ જ્ઞાનને જ્ઞાન જ કહેવાતું નથી. [ક્રમશઃ]

વીતરાગ પરમાનંદનું અપૂર્વ ઉલ્લાસપૂર્વક પાન કરનાર તથા કરાવનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

*

❀ જેમ માટીના કોરા વાસણમાં પાણીનાં ટીપાં પડતાં પાણી ચૂસાઈ જાય છે, પાણી દેખાતું નથી, પણ વધુ પાણી પડતાં પાણી બહાર દેખાય છે. તેમ આ પરમાત્મતત્ત્વની વાત સાંભળતાં સાંભળતાં હું જ્ઞાયક છું...જ્ઞાયક છું....એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે તો મિથ્યાત્વભાવનો રસ મંદ પડતો જાય છે. હજુ ભૂમિકા મિથ્યાત્વની છે, પણ મિથ્યાત્વનો અભાવ થવાના સંસ્કાર પડતાં જાય છે. શુભભાવથી મિથ્યાત્વનો રસ ભવી-અભવીને અનંતી વાર મંદ પડ્યો છે. પણ આ જ્ઞાયકના સંસ્કારથી મિથ્યાત્વભાવનો અભાવ થવાના સંસ્કાર પડે પછી એકદમ સ્વભાવનો આશ્રય લેતાં, સ્વાનુભવ થતાં, મિથ્યાત્વનો અભાવ થાય છે.

❀ ત્રિકાળી વસ્તુસ્વભાવની સન્મુખ થઈને જે નિર્વિકલ્પ શાંતિની દશા પ્રગટી તે ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો ! આ મનુષ્યપણું મળ્યું છે તો મનુષ્યપણામાં શું કરવું ?—કે ચિદાનંદપ્રભુના ધ્યાનથી જે વીતરાગી સમાધિ પ્રગટી તે સાધકદશા પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે એવો જે પરમોત્કૃષ્ટ પરમાત્મા તે હું છું એમ નિર્ણય કરવો. અરે ! આ તો ભાગ્યશાળીને કાને પડે તેવી દુર્લભ વાત છે. જિંદગી ચાલી જાય છે, દેહની સ્થિતિ પૂરી થવાનો કાળ નિશ્ચિત છે, કરવાનું આ છે, દેહમાં સુખ નથી, અનુકૂળ સંયોગોમાં સુખ નથી, દયા–દાન–વ્રત–ભક્તિમાં કે વ્યવહારરત્નત્રયમાં સુખ નથી; આનંદનો નાથ નિજ પરમાત્મતત્ત્વ તેની દૃષ્ટિ કરવી, તેનો મહિમા લાવીને સ્વીકાર કરવો તે કરવાનું છે. જ્ઞાનમાં—લક્ષમાં તો લે કે વસ્તુ આવી છે, પછી પ્રયોગ કર.

—સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવશ્રી

# * પુરુષાર્થ *

સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા: ૩૨૧-૩૨૨-૩૨૩ ઉપર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન. માગશર સુદ ૧૨, રવિવાર વીર સં. ૨૪૭૨

[એપ્રિલ-૨૦૦૪ અંક નં-૭૨૬થી ચાલુ]

શ્રોતા :— જો બધું ક્રમબદ્ધ જ છે અને તેમાં જીવ કાંઈ જ ફેરફાર ન કરી શકે તો પછી જીવમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— બધું ક્રમબદ્ધ છે એવા નિર્ણયમાં જ જીવનો અનંત પુરુષાર્થ સમાણો છે, પરમાં ફેરફાર કરવો તે કાંઈ આત્માના પુરુષાર્થનું કાર્ય નથી. ભગવાન જગતનું બધું માત્ર જાણે જ છે, પરંતુ તેઓ પણ કાંઈ ફેરવી ન શકે. તો તેથી શું ભગવાનનો પુરુષાર્થ પરિમિત [હદવાળો] થઈ ગયો ? નહિ, નહિ. ભગવાનનો અનંત–અપરિમિત પુરુષાર્થ પોતાના જ્ઞાનમાં સમાણો છે. ભગવાનનો પુરુષાર્થ સ્વમાં છે, પરમાં નહિ. પુરુષાર્થ જીવદ્રવ્યનો પર્યાય છે. તેથી તેનું કાર્ય જીવના પર્યાયમાં જ આવે પણ જીવના પુરુષાર્થનું કાર્ય પરમાં ન આવે.

સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનદશા આત્માના પુરુષાર્થ વગર થાય એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની તો ક્ષણે ક્ષણે સ્વભાવની પૂર્ણતાના પુરુષાર્થની ભાવના કરે છે. અહો ! જેમને પૂરો જ્ઞાયકસ્વભાવ ઊઘડી ગયો તે કેવળજ્ઞાની છે, તેમના જ્ઞાનમાં બધું એક સાથે જણાય છે. આવી પ્રતીતિ કરતાં પોતે પણ સ્વદૃષ્ટિથી જોનાર જ રહ્યો. જ્ઞાન સિવાય પરનું કર્તૃત્વ કે રાગાદિ બધું અભિપ્રાયમાંથી ટળી ગયું. આવી દ્રવ્યદૃષ્ટિના જોરે જ્ઞાનની પૂર્ણતાની ભાવનાથી જ્ઞાની વસ્તુસ્વરૂપ ચિંતવે છે. આ ભાવના જ્ઞાનીની છે, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિની નહીં. કેમ કે મિથ્યાદૃષ્ટિ જીવ તો પરનું કર્તૃત્વ માને છે. કર્તાપણાની માન્યતાવાળો જીવ જ્ઞાતાપણાની યથાર્થ ભાવના કરી શકે નહિ કેમ કે કર્તાપણાને અને જ્ઞાતાપણાને પરસ્પર વિરોધ છે.

'સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમ જ થાય, આપણે તેમાં કાંઈ ફેરફાર ન કરી શકીએ. તેથી તેમાં પુરુષાર્થ રહેતો નથી'. આમ જે માને છે તે અજ્ઞાની છે. હે ભાઈ ! તું કોના જ્ઞાનથી વાત કરે છે ? તારા જ્ઞાનથી કે બીજાના જ્ઞાનથી ? જો તું તારા જ્ઞાનથી જ વાત કરે છે, તો પછી જે જ્ઞાને સર્વજ્ઞનો અને બધા દ્રવ્યોની અવસ્થાનો નિર્ણય કરી લીધો હોય તે જ્ઞાનમાં સ્વદ્રવ્યનો નિર્ણય

ન હોય એમ બને જ કેમ ? સ્વદ્રવ્યનો નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ છે.

વળી, તારી દલીલમાં 'સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમ જ થાય' એમ કહ્યું, તો તે માત્ર વાત કરવા માટે કહ્યું છે કે તને સર્વજ્ઞના કેવળજ્ઞાનનો નિર્ણય છે ? પ્રથમ તો, જો તને કેવળજ્ઞાનનો નિર્ણય ન હોય તો પહેલાં તે નિર્ણય કર, અને જો સર્વજ્ઞના નિર્ણયપૂર્વક તું કહેતો હોય તો, સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનનો નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ આવી જ જાય છે. સર્વજ્ઞનો નિર્ણય કરવામાં જ્ઞાનનું અનંત વીર્ય કામ કરે છે, છતાં તેની ના પાડીને તું કહે છે કે 'ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ક્યાં આવ્યો ?' તો તને પૂર્ણ કેવળજ્ઞાનના સ્વરૂપની જ શ્રદ્ધા થઈ નથી, તેમ જ કેવળજ્ઞાનને કબૂલવાનો અનંત પુરુષાર્થ પણ તારામાં પ્રગટ્યો નથી. કેવળજ્ઞાનને કબૂલવામાં અનંત પુરુષાર્થની અસ્તિ આવે છે, છતાં આ વાતને કબૂલતો નથી તો તું માત્ર વાતો જ કરે છે પણ તને સર્વજ્ઞનો નિર્ણય થયો નથી. જો સર્વજ્ઞનો નિર્ણય થયો હોય તો પુરુષાર્થની અને ભવની શંકા હોય જ નહીં. સાચો નિર્ણય થાય અને પુરુષાર્થ ન થાય તેમ બને જ નહિ.

અનંત પદાર્થોને જાણનાર, અનંત ગુણોથી પરિપૂર્ણ અને ભવરહિત એવા કેવળજ્ઞાનનો જે જ્ઞાને નિર્ણય કર્યો તે જ્ઞાને પોતાના પુરુષાર્થ વડે નિર્ણય કર્યો છે કે પુરુષાર્થ વગર ? જેણે ભવરહિત કેવળજ્ઞાનને પ્રતીતિમાં લીધું છે તેણે રાગમાં ટકીને તે પ્રતીતિ કરી નથી પણ રાગને છૂટો પાડીને પોતાના જ્ઞાનસ્વભાવમાં ટકીને ભવરહિત કેવળજ્ઞાનની પ્રતીતિ કરી છે. જે જ્ઞાને જ્ઞાનમાં ટકીને ભવરહિત કેવળજ્ઞાનની પ્રતીતિ કરી છે તે જ્ઞાન પોતે ભવરહિત છે અને તેથી તે જ્ઞાનમાં ભવની શંકા થતી નથી. પહેલાં કેવળજ્ઞાનની પ્રતીતિ ન હતી ત્યારે અનંત ભવની શંકામાં ઝૂલતો હતો પણ હવે કેવળજ્ઞાનની પ્રતીતિ થતાં અનંત ભવની શંકા ટળી ગઈ અને એકાદ ભવે મોક્ષ થશે એમ જ્ઞાન નિ:શંક થયું. આ જ્ઞાનમાં અનંત પુરુષાર્થ રહેલો છે. આ રીતે 'સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમ જ થાય' એવી યથાર્થ શ્રદ્ધામાં તો પોતાના ભવરહિતપણાનો નિર્ણય સમાઈ જાય છે એટલે કે મોક્ષનો પુરુષાર્થ તેમાં આવી જાય છે. યથાર્થ નિર્ણયનું જોર મોક્ષ પમાડે છે.

બધા દ્રવ્યોની જેમ પોતાના દ્રવ્યની અવસ્થા પણ ક્રમબદ્ધ જ છે. જેમ બીજા દ્રવ્યોનો ક્રમબદ્ધપર્યાય આ જીવથી થતો નથી તેમ આ જીવનો ક્રમબદ્ધપર્યાય પણ બીજા દ્રવ્યોથી થતો નથી. પોતાના ક્રમબદ્ધપર્યાયના સ્વભાવની પ્રતીતિ કરતાં પોતાના દ્રવ્યસ્વભાવમાં જ જોવાનું રહ્યું કે અહો ! મારા પર્યાયો તો મારા દ્રવ્યમાંથી જ આવે

છે, દ્રવ્યમાં રાગ-દ્વેષ નથી. કોઈ પણ પર દ્રવ્ય મને રાગ-દ્વેષ કરાવતું નથી. પર્યાયમાં અલ્પ રાગ-દ્વેષ છે તે મારી નબળાઈનું કારણ છે. તે નબળાઈ પણ મારા દ્રવ્યમાં નથી. આમ તે જીવને પર ઉપર જોવાનું ન રહ્યું પણ પોતાના સ્વભાવમાં જ જોવાનું રહ્યું એટલે કે દ્રવ્યદૃષ્ટિમાં જ ટકવાનું રહ્યું અને તે સ્વભાવના જોરે જ અલ્પ કાળમાં રાગ ટાળીને કેવળજ્ઞાન પ્રગટ કરશે જ. બસ! આનું નામ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા છે. આ જીવે જ સર્વજ્ઞને યથાર્થપણે જાણ્યા છે અને આ જીવ જ સ્વભાવદૃષ્ટિથી સાધક થયો છે. તેનું ફળ સર્વજ્ઞદશા છે.

દ્રવ્યમાં સમયે સમયે જે વિશેષરૂપ અવસ્થા થાય છે તે સામાન્યમાંથી જ આવે છે. સામાન્યમાંથી વિશેષ પ્રગટે છે એ સિદ્ધાંતમાં તો કેવળજ્ઞાન ભરેલું છે. જૈન સિવાય આ સામાન્ય–વિશેષની વાત બીજે ક્યાંય નથી અને સમ્યગ્દૃષ્ટિ સિવાય બીજા તેને યથાર્થપણે સમજી શકતા નથી. સામાન્યમાંથી વિશેષ થાય છે–આટલો સિદ્ધાંત નક્કી કરતાં પરિણમન સ્વ તરફ ઢળી જાય છે. મારો પર્યાય પરથી થતો નથી, નિમિત્તથી થતો નથી, વિકલ્પથી થતો નથી અને પર્યાયમાંથી પણ થતો નથી. આમ, બધાથી લક્ષ છોડીને જે જીવ એકલા દ્રવ્યમાં ઢળે છે તે જીવને એમ પ્રતીતિ થાય છે કે સામાન્યમાંથી જ વિશેષ થાય છે. અજ્ઞાનીને આવી સ્વાધીનતાની પ્રતીતિ હોતી નથી.

ભગવાને જેમ જોયું હોય તેમ જ થાય એમ નક્કી કરનારનું વીર્ય પરમાંથી ખસીને સ્વમાં થંભી જાય છે. જ્ઞાનીએ સ્વમાં ટકીને સર્વજ્ઞના જ્ઞાનસામર્થ્યનો અને બધા દ્રવ્યોનો નિર્ણય કર્યો છે. તે નિર્ણયરૂપ પર્યાય ક્યાંય પરમાંથી આવ્યો નથી, વિકલ્પમાંથી પણ આવ્યો નથી, પરંતુ દ્રવ્યમાંથી તે નિર્ણયની તાકાત પ્રગટી છે એટલે કે નિર્ણય કરનારે દ્રવ્યને પ્રતીતિમાં લઈને નિર્ણય કર્યો છે. આવો નિર્ણય કરનાર જીવ જ સર્વજ્ઞનો સાચો ભક્ત છે. તેનું વલણ પોતાના સર્વજ્ઞસ્વભાવ તરફ ઢળ્યું છે અને ક્યાંય અટક્યા વગર અલ્પ કાળમાં તે સંપૂર્ણ સર્વજ્ઞ થશે. આનાથી વિરુદ્ધ એટલે કે કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કંઈ કરી શકે છે એમ જે માને છે તેણે (૧) પોતાના આત્માને, (૨) સર્વજ્ઞના જ્ઞાનને, (૩) ન્યાયને કે (૪) દ્રવ્ય–પર્યાયને ખરેખર માન્યા નથી.

(૧) પોતાનો આત્મા પરથી ભિન્ન છે, છતાં તે પરનું કરે છે એમ જેણે માન્યું તેણે પોતાના આત્માને પરરૂપે માન્યો એટલે કે પોતાના આત્માને જ માન્યો નથી.

(૨) વસ્તુની અવસ્થા સર્વજ્ઞદેવે જોયા પ્રમાણે થાય છે એમ માનવાને બદલે

હું તેને ફેરવી શકું છું એમ જેણે માન્યું તેણે સર્વજ્ઞના જ્ઞાનને સાચું કબૂલ્યું નથી.

(૩) વસ્તુની અવસ્થા ક્રમબદ્ધ જ થાય છે, ત્યાં નિમિત્ત કાંઈ કરે કે ફેરફાર કરી નાખે એ વાત જ ક્યાં રહી? નિમિત્ત પરમાં કાંઈ જ કરતું નથી, છતાં મારા નિમિત્તે પરમાં કાંઈક ફેરફાર થાય છે એમ જેણે માન્યું તેણે સાચા ન્યાયને માન્યો નથી.

(૪) દ્રવ્યનો પર્યાય દ્રવ્યમાંથી જ આવે છે એમ માનવાને બદલે દ્રવ્યનો પર્યાય પરમાંથી આવે છે એમ જેણે માન્યું (અર્થાત્ પર મારો પર્યાય કરે છે એમ જેણે માન્યું) તેણે દ્રવ્ય–પર્યાયના સ્વરૂપને માન્યું નથી.

આ રીતે એક ઊંધી માન્યતામાં અનંત અસત્નું સેવન થઈ જાય છે.

વસ્તુમાંથી ક્રમબદ્ધપર્યાય આવે છે. તેને બીજું કોઈ કરતું નથી, છતાં તે વખતે નિમિત્ત હાજર હોય છે ખરું, પરંતુ નિમિત્ત દ્વારા કાંઈ પણ કાર્ય થતું નથી. નિમિત્ત મદદ કરે એમ પણ નથી અને નિમિત્તની હાજરી ન હોય એમ પણ બનતું નથી. જેમ જ્ઞાન બધી વસ્તુને માત્ર જાણે છે પણ કોઈનું કાંઈ કરતું નથી, તેમ નિમિત્ત માત્ર હાજર હોય છે પણ ઉપાદાનને કાંઈ અસર, મદદ કે પ્રેરણા કરતું નથી.

જે સમયે સ્વલક્ષના પુરુષાર્થ વડે આત્માને સમ્યગ્દર્શન પ્રગટે છે તે વખતે સાચા દેવ–શાસ્ત્ર–ગુરુ નિમિત્તરૂપે હોય જ છે.

શ્રોતા :— જીવને સમ્યગ્દર્શન પ્રગટવાની તૈયારી હોય અને સાચાં દેવ–શાસ્ત્ર–ગુરુ ન મળે તો સમ્યગ્દર્શન ન થાયને?

પૂજ્ય ગુરુદેવશ્રી :— જીવની તૈયારી હોય અને સાચાં દેવ–ગુરુ–શાસ્ત્ર ન મળે એ વાત બને જ નહિ. ઉપાદાનકારણ તૈયાર થાય ત્યારે નિમિત્તકારણ સ્વયં આવી મળે છે, પરંતુ કોઈ કોઈના કર્તા નથી. ઉપાદાનના કારણે નિમિત્ત આવતું નથી, તેમ જ નિમિત્તના કારણે ઉપાદાનનું કાર્ય થતું નથી. બંને સ્વતંત્રપણે પોતપોતાના કાર્યના કર્તા છે.

અહો! વસ્તુની કેટલી સ્વતંત્રતા! સમસ્ત વસ્તુઓમાં ક્રમવર્તીપણું ચાલી જ રહ્યું છે. એક પછી એક પર્યાય કહો કે ક્રમબદ્ધપર્યાય કહો, જે સમયે જે પર્યાય થવાનો છે તે સમયે તે પર્યાય થાય જ છે. જ્ઞાની જીવ જ્ઞાતાપણે તેને જાણ્યા જ કરે છે અને અજ્ઞાની જીવ કર્તાપણાનું મિથ્યા અભિમાન કરે છે. જે પરના જે કર્તૃત્વનું અભિમાન કરે છે તેનો ક્રમબદ્ધપર્યાય હીણો પરિણમે છે અને જે જ્ઞાતા રહે છે તેનો ક્રમબદ્ધ જ્ઞાનપર્યાય ખીલીને કેવળજ્ઞાન થાય છે. *(ક્રમશઃ)*

# સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર—

**આદ્રા નક્ષત્ર :—** તા. ૨૧-૬-૦૪, સોમવારના દિવસે રાત્રે ૯-૦૮ વાગે શરૂ થાય છે.

**અષ્ટાહ્નિકા પર્વ :–** અષાઢી-નંદીશ્વર અષ્ટાહ્નિકા પર્વ અષાઢ સુદ ૭, શુક્રવાર તા. ૨૫-૬-૦૪ થી અષાઢ સુદ ૧૫, શુક્રવાર, તા. ૨-૭-૨૦૦૪ સુધી પંચમેરુ-નંદીશ્વર-જિનાલયમાં પૂજા-ભક્તિના વિશેષ સમારોહ તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનની ઉપાસનાપૂર્વક ઊજવવામાં આવશે.

**વીર-શાસનજયંતી :–** અષાઢ વદ એકમ, શનિવાર તા. ૩-૭-૨૦૦૪ના દિવસે વીર-શાસનજયંતી—ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્ય-દેશના (દિવ્યધ્વનિ)નો પ્રથમ દિવસ—છે. આ વીર-શાસનજયંતીપર્વ પરમાગમમંદિરમાં પૂજા-ભક્તિના વિશેષ સમારોહ તથા વીર-દેશનાની ઉપાસનાપૂર્વક ઊજવવામાં આવશે.

### અમેરિકાના ટેમ્પા (ફ્લોરિડા) શહેરમાં સાનંદોત્સાહ ઉજવાયો

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૫મો જન્મમહોત્સવ

પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૧૫મા વાર્ષિક જન્મોત્સવના પ્રતીકરૂપે તા. ૧૪ થી તા. ૧૬-૫-૨૦૦૪—ત્રણ દિવસ જન્મજયંતી ઉત્સવ તથા આધ્યાત્મિક શિક્ષણવર્ગનું સુંદર આયોજન કરવામાં આવેલ. આ નિમિત્તે સોનગઢ-ટ્રસ્ટ તરફથી વિદ્વાન શ્રી રાજુભાઈ કામદાર અત્રે પધારેલ. તેમણે નિયમસાર તથા પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપરકારમહિમા વગેરે વિષયો ઉપર સુંદર શિક્ષણ આપેલ. શિક્ષણમાં ડૉ. કીરિટભાઈ ગોસળિયા તથા શ્રી નીતીનભાઈ ભીમાણીનો સાથ મળેલ. આ પ્રસંગનું આયોજન અમેરીકાની સંસ્થાના સેક્રેટરી શ્રી હસમુખભાઈ એમ. શાહે કરેલું તથા આ શિબિર તથા ઉત્સવ તેમના ધર્મપત્નિ રમાબેન શાહ તથા પરિવાર તરફથી સ્પોન્સર કરવામાં આવેલ.

### ❋ આત્મધર્મ-વાર્ષિક શુલ્ક ❋

આ જૂન માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂ. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઇચ્છતા હો તો રૂ. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

**❀ શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાયરોબી તરફથી એપ્રિલ માસના અંકના પ્રકાશનખાતે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

**❀ શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવાર, રાજકોટ તરફથી રૂ. ૧૦,૦૦૦ આ અંકના પ્રકાશન ખાતે મળેલ છે.**

## વૈરાગ્ય સમાચાર—

વિંછીઆનિવાસી (હાલ-મલાડ) શ્રી હર્ષદભાઈ ચુનીલાલ શાહ (વર્ષ-૬૦) અચાનક હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

ઢસાનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી શાંતાબેન અમૃતલાલ કામદાર (વર્ષ-૮૮) તા. ૧૮-૩-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી કુટુંબ સહિત સોનગઢમાં સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

લંડનનિવાસી શ્રી લાધીબેન લાલજીભાઈ કચરાભાઈ શાહ (વર્ષ-૯૫) તા. ૧૮-૪-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ-મુંબઈ) શ્રી રસિકલાલ ચુનીલાલ શાહ (વર્ષ-૮૨) તા. ૨-૫-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ધ્રાંગધ્રાનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી અમૃતલાલ દામોદરદાસ શાહ (વર્ષ-૭૪) તા. ૮-૫-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-ઉંમરગામ) શ્રી હીતેશભાઈ છબીલદાસ મહેતાના ધર્મપત્ની શીલાબેન (વર્ષ-૪૬) તા. ૮-૫-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ભોપાલનિવાસી શ્રી પ્રભાતજી બાગમલજી પવૈયા તા. ૨૧-૫-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સાવરકુંડલાનિવાસી (હાલ-સુરત) શ્રી હીરાબેન જ્યંતીલાલ શાહ તા. ૨૩-૫-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરેન્દ્રનગરનિવાસી શ્રી લલિતચંદ્ર ન્યાલચંદ દોશીના ધર્મપત્ની શ્રી હંસાબેન (વર્ષ-૬૮) હાર્ટફેઈલ થવાથી તા. ૨૮-૫-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ખંડવાનિવાસી (હાલ-સોનગઢ) શ્રી ચંપાબેન ઉમરાવપ્રસાદ પંચરતન (વર્ષ-૯૩) (—તે બ્ર. આશાબેનના માતુશ્રી) તા. ૬-૬-૦૪ (જેઠ વદ ૪)ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ખંડવા મહિલામંડળના અધ્યક્ષ હતા. સ્વયં તત્વાભ્યાસી હોવાથી પોતાના પૂરા પરિવારને અધ્યાત્મમાં રસ લેતા કર્યા હતા. સાધર્મીવાત્સંલ્યભાવી હતા. સમાધિમરણની ભાવિતભાવના અનુસાર તેમને છલ્લે આત્મજાગૃતિ સારી હતી. 'જ્ઞાયક'નું રટણ કરતાં કરતાં દેહ છોડ્યો હતો.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. ❋

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

❀ આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારો આત્મા શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ છે, એવો ને એવો જ છે, એને કાંઈ ખોડ-ખાપણ આવી જ નથી. ભલે એ નરક-નિગોદમાં રખડ્યો પણ જરીય ખોડ આવી જ નથી. માટે તું ખુશી થા, ખુશી થા. ૩૦૭.

❀ જેમ લાકડાની અગ્નિમાં ઉપર છારી વળી જાય છે ને અંદર સળગતું હોય છે; અગ્નિ ઉપરની છારીરૂપ રાખ અગ્નિથી જુદી જ છે. તેમ રાગ પણ ચૈતન્યની છારી સમાન હોવાથી ચૈતન્યથી જુદે જુદો જ છે. ઉષ્ણતા અને અગ્નિ એકરૂપ છે તેમ જ્ઞાન ને આત્મા એકરૂપ છે. ૩૦૮.

❀ વગર વાંચ્યે પણ અંદરમાં કાંઈક ચાલતાં ચાલતાં વિચારધારા વિકલ્પનો અભાવ થવાનું કારણ થશે, પણ વસ્તુનું જેને ભાન જ નથી એને વિચાર ચાલતાં નથી અને વિકલ્પોને તોડવા માગે છે એ વિકલ્પ ક્યાંથી તોડી શકશે? ૩૦૯.

❀ જ્ઞાનમાં ખરેખર તો રાગ જણાય છે. ત્યાં અજ્ઞાની માની બેસે છે કે મેં રાગ કર્યો; એ રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે. ૩૧૦.

❀ વ્યવહારરત્નત્રયનો ભાવ તે પણ વિપાકની હદે પહોંચેલું કર્મનું ફળ છે, જેમ કળથી અને કુલફાના ચોખાનું ક્ષેત્ર જ જુદું છે તેમ રાગ અને આનંદનું ક્ષેત્ર જ જુદું જુદું...આનંદનું સ્ફૂરણ આવે તે તારી જાત છે, વિકલ્પ ઊઠે તે તારી જાત નથી. ૩૧૧.

❀ વસ્તુ શુદ્ધ હૈ, અભેદ હૈ, એક હૈ, લેંકિન કિસકો? કિ જિસકો જ્ઞાનમેં ઔર પ્રતીતમેં આયા હૈ ઉસકો શુદ્ધ હૈ. વૈસે હી શુદ્ધ—શુદ્ધ ઐસે નહીં. અપની તરફ ઝૂકે બિના તુજે શુદ્ધ નહીં. બોલનેમેં આયા ઉસકો નહીં, લેકિન અપના સેવનમેં આયા તો ઉસ સેવનકે દ્વારા આત્મા શુદ્ધ હૈ ઐસા જાનને મેં આયા. ૩૧૨.

❀ આ તો અનાદિથી નહીં કરેલું કાર્ય છે. આ તો બહુ જ શાંતિ અને ધીરજનું કાર્ય છે. એક બાજુનો પક્ષઘાત થઈ જવો જોઈએ કે શરીર-વાણી-મન-વિકલ્પ એ મારું જીવન જ નથી. ૩૧૩.

"ભાવાર્થ આમ છે કે શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્ય છે, યત્નસાધ્ય તો નથી" શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્ય છે એટલે કે એકલો પુરુષાર્થ જ કરું એમ નહીં પણ એની સાથે આત્માના સ્વભાવની—બધી શક્તિઓની પ્રતીતિ આવવી જોઈએ એમ લેવું. અનંતગુણનો પિંડ પ્રભુ એકલા વીર્યથી નહીં પણ તે અનંતગુણની દશાથી પ્રાપ્ત થાય તેવો છે. પંચાધ્યાયીમાં આવે છે કે એકલા પુરુષાર્થ-વીર્ય એક જ ગુણથી આત્મા જણાય એમ નથી. તેમાં અનંત શક્તિ છે તેની વર્તમાન દશા દ્વારા એ જણાય એવો છે. એકલો વીર્યગુણ જ કામ કરે એમ નથી. યત્નસાધ્ય નથી તેનો અર્થ આ રીતે ત્યાં કર્યો છે. અનંતગુણનો પિંડ પ્રભુ છે એને એકલી વીર્યની પર્યાયથી ન જાણવો, એને અનંતગુણોની પર્યાયને અંદર વાળીને જાણવો.

*—પૂજ્ય ગુરુદેવશ્રી*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/—
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/—
વાર્ષિક લવાજમ : રૂા. ૯/—
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/—
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/— અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662